પહેલા ગંદકી દૂર કરો પછી બ્યુટિફિકેશનની વાત, સુરતીઓની સીધી વાત

સુરતમાં સફાઇ કર્મચારીઓ ખંતથી કામ કરે છે અને શહેરને સ્વચ્છ રાખે જ છે. પરંતુ ત્યાં ફરી કચરો થતો હોય તેવી સાઇટ શોધીને તેનું નક્કર પરિણામ લાવવાની જવાબદારી એરકન્ડીશન ઓફિસમાં બેસી રહેતા અધિકારીઓની છે. જે રીતે શહેરમાં ઠેર ઠેર ગંદકી જોવા મળી રહી છે તે જોતા સુરતીઓ સીધી વાત કરી રહ્યાં છે. બ્યુટિફિકેશનની વાત પછી કરજો પહેલા અમને સુરત સ્વચ્છ જોઇએ. સુરત માત્ર કાગળ પર નહીં પરંતુ ખરેખર સ્વચ્છ હોવું જોઇએ.

ચાલો સુરતને સાથે મળીને ખરેખર સ્વચ્છ બનાવીએ

સુરતને સ્વચ્છતા માત્ર કાગળ પર નહીં પરંતુ ખરેખર જળવાવવી જોઇએ તે ખૂબ જ જરૂરી છે. તમારા વિસ્તારમાં ગંદકી કે અસ્વચ્છતા જોવા મળે તો અહીં આપેલા નંબર ઉપર વોટ્સએપ કરી નામ અને વિસ્તાર મોકલવો. જેથી અમે સત્તાધીશોનો પ્રત્યુત્તર મેળવી શકીએ.

8153999903

ફરિયાદી શૈલેષ કેળાવાલા વેડ રોડ હરિઓમ મિલ

ફરિયાદી રાજેન્દ્ર ઘરીવાલા ભરથાણા, લેક ગાર્ડન

ફરિયાદી ચેતન ટેલર દિલ્હીગેટ, ન્યૂ બસસ્ટેન્ડ પાર્કિંગ

ફરિયાદી દક્ષાબેન દોટીવાલા બેકરીની પાસે, નાનપુરા

પુણામાં 47 વર્ષીય દરજીનો 20 વર્ષીય કિશોરી પર બળાત્કાર

સુરત : પુણાની બુટભવાની સોસાયટી પાસે રહેતો 47 વર્ષીય વિનોદ ત્રિભુવન ગોહિલ દરજી કામ કરે છે. તેની જ સોસાયટીમાં રહેતી 20 વર્ષીય કાજલ (નામ બદલ્યું છે) વેપાર સાથે સંકળાયેલી છે. દરજીએ કાજલ ધંધા અર્થે અવર નવાર ફોન પર વાતચીત કરતી હોવાને લઇ બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું હતું. કાજલને 'તું બીજા સાથે વાત કરે છે જેની મને જાણ છે' આ વાત હું તારા માતા પિતાને જણાવી દઈશ જો તું મારી સાથે વાતચીત નહીં કરે તો. આમ દરજી વિનોદ યુવતીને બ્લેકમેલ કરવા લાગ્યો હતો. જે બાદ યુવતીને દરજી ધમકાવી અવર નવાર સોસાયટી અને સિક્યુરિટી કેબિનમાં બોલાવી તેની સાથે શરીર સુખ માણતો હતો. તેની સામે ફરિયાદ થતાં પોલીસે તેની ધરપકડ કરી છે.

સિક્યોરિટી ગાર્ડે રોકવાની કોશિશ કરી પણ.. પ્રેમ પ્રકરણની આશંકા

ધો.10ની વિદ્યાર્થિનીની ઘરથી 4 કિ.મી. દૂર જઇ છઠ્ઠા માળેથી મોતની છલાંગ

ભેસ્તાનની વિદ્યાર્થિની બહેનપણીને મળવા જવાનું કહી બાંધકામ સાઇટ પર પહોંચી હતી

સુરતઃ ભેસ્તાનમાં રહેતી ધોરણ 10ની વિદ્યાર્થિનીએ પોતાના ઘરથી લગભગ 4 કિલોમીટર દૂર એક બાંધકામ સાઇટના છઠ્ઠા માળેથી કૂદીને આપઘાત કરી લીધો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં પ્રેમ પ્રકરણમાં વિદ્યાર્થિનીએ આપઘાતનું પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે. મૂળ દાહોદ જિલ્લાના ઝાલોદના વતની અને હાલ ભેસ્તાનની સંગમ સોસાયટીમાં રહેતા ઇમેશભાઈ ડામોર બાંધકામ કોન્ટ્રાક્ટર તરીકે કામ કરે છે.તેમની મોટી દીકરી 16 વર્ષીય અસ્વિતા ભેસ્તાનના કૈલાસ માનવ વિદ્યામંદિરમાં ધોરણ 10માં અભ્યાસ કરતી હતી. બહેનપણીને મળવા જઈ રહી છે તેવું કહી ઘરેથી નીકળી હતી. તેનો મોબાઈલ ફોન પણ બંધ હતો. રાતે 11 વાગ્યા સુધી રાહ જોયા બાદ, પરિવારે આખરે ભેસ્તાન પોલીસ સ્ટેશનમાં અસ્વિતાના ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. ભેસ્તાન પોલીસે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી અસ્વિતાના મોબાઈલ ફોનના લોકેશનને ટ્રેસ કરવાનું શરૂ કર્યું હતું . લોકેશનના આધારે પોલીસને જાણવા મળ્યું કે અસ્વિતાનો ફોન પાંડેસરા વિસ્તારમાં સક્રિય હતો. વધુ તપાસ દરમિયાન જાણવા મળ્યું કે અસ્વિતા ભેસ્તાનથી રિક્ષામાં બેસીને પાંડેસરા તિરુપતિ સર્કલ પહોંચી હતી. ત્યાંથી તે ચાલીને તિરુપતિ સર્કલથી લગભગ પાંચ મિનિટના અંતરે સપના લોક નામની બાંધકામ સાઈટ પર ગઈ હતી. બાંધકામ સાઈટ પર હાજર સિક્યુરિટી ગાર્ડે અસ્વિતાને બૂમો પાડીને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ અસ્વિતા ઝડપથી બિલ્ડિંગના છઠ્ઠા માળે પહોંચી ગઈ હતી. સિક્યુરિટી ગાર્ડ કંઈ સમજે કે તે પહેલાં જ અસ્વિતાએ છઠ્ઠા માળેથી કૂદીને પોતાનું જીવન ટૂંકાવી દીધું હતું.

મોબાઈલ ફોનની ફોરેન્સિક તપાસ કરાવાશે

પોલીસની પ્રાથમિક તપાસમાં એવું સામે આવ્યું છે કે અસ્વિતાએ પ્રેમ પ્રકરણને લીધે આ અંતિમ પગલું ભર્યું હોઇ શકે છે. પોલીસે તેના મિત્રો, સહાધ્યાયીઓ અને શિક્ષકોની પૂછપરછ શરૂ કરી છે. આ ઉપરાંત, તેના મોબાઈલ ફોનની ફોરેન્સિક તપાસ પણ કરાવવામાં આવશે, જેથી તેના છેલ્લા સંપર્કો અને સંદેશાઓની વિગતો મેળવી શકાય.

'જો જીવવું હોય તો પૈસા ભૂલી જા અને પોલીસમાં ફરિયાદ નહીં કર'

બિલ્ડર સહિત ત્રણ જણાએ ગોપીપુરાના પ્લબર પાસે 6.50 લાખ પડાવી લીધા બાદ ધમકી આપી

સુરતઃ ગોપીપુરામાં રહેતા પ્લમ્બરને બિલ્ડર અને પ્લમ્બર મિત્ર સહિત ત્રણ લોકોએ ફ્લેટ 11 લાખમાં વેચાણ આપવાના બહાને 6.50 લાખ પડાવી લીધા હતા.પ્લેમ્બરને બાદમાં મકાન નહીં આપી પૈસા પરત માંગતા જાનથી મારી નાખવાની ધમકી આપતા પ્લમ્બરે પોલીસનો સહારો લીધો હતો. ગોપીપુરાના કઠોરવાલા બિલ્ડિંગમાં રહેતા 47 વર્ષીય પ્લમબર ફારૂકખાન હૈદરખાન પઠાણ ઝહીરખાન (રહે. મટન માર્કેટ, નાનપુરા)ને 12 વર્ષથી ઓળખે છે તે પણ પ્લમ્બર છે. વર્ષ 2018માં ઝહીરખાને તેમને શબનમ ચા નજીક મળીને ખલીફા મહોલ્લામાં રાંદેરના બિલ્ડર દિલાવર કાદરીની સાઈટ પર મકાન ખરીદવાની સલાહ આપી હતી.

દિલાવરે બિલ્ડર ફારૂકખાનને બીજા માળે રૂ. 11 લાખમાં મકાન આપવાની વાત કરી હતી. જે બાદ ફારૂકખાને રૂ. 1,50,000 નો ચેક તેમના એકાઉન્ટન્ટ નિરવ નીકવાલાના નામે અને રૂ. 5,00,000 રોકડા આપ્યા હતા. વધુમાં, દિલાવરે મકાન વેચાવવા બદલ રૂ. 50,000 પ્રતિ મકાન દલાલી આપવાની વાત કરી હતી. ફારૂકખાને તેમના ઓળખીતાઓને છ મકાન વેચાવ્યા, જેની દલાલી રૂ. 3,00,000 તેમના મકાનની રકમમાં ગણી દેવાઈ હતી. આમ, કુલ રૂપિયા 6,50,000 તેમણે મકાન પેટે જમા કરાવ્યા હતા.

જોકે, બાદમાં ઝહીરખાન અને દિલાવરે ફારૂકખાનનું બીજા માળનું મકાન પાંચમા માળે શિફ્ટ કરવાની વાત કરતા ફારૂકખાને સંમતિ આપી હતી. પરંતુ, જાણવા મળ્યું કે તેમનું મકાન અન્ય વ્યક્તિને વેચી દેવાયું હતું. પછી રાંદેરના આમલીપુરામાં નવી સાઈટમાં મકાન બુક કરાવ્યું, પરંતુ એક વર્ષ બાદ તે પણ અન્યના નામે થઈ ગયું હતું. જેથી 2024માં ફારૂકખાને અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી, જેના જવાબમાં દિલાવર કાદરીએ લેખિતમાં રૂ. 6,50,000 ત્રણ મહિનામાં પરત કરવાની બાંહેધરી આપી હતી. પરંતુ આજદિન સુધી એક પણ રૂપિયો પરત ન મળતા. ફારૂકખાને ઝહીરખાનને પૂછતાં, તેણે "જો જીવવું હોય તો પૈસા ભૂલી જા અને પોલીસમાં ફરિયાદ ન કર" તેવી ધમકી આપી હતી. ફારૂકખાને અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં ઝહીરખાન, દિલાવર કાદરી અને નીરવ નિકવાલા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.પોલીસે 3 વિરુદ્ધ ગુનો નોંધી આ મામલે તપાસ શરૂ કરી છે.

લિંબાયતમાં પોલીસ બાતમીદારની હત્યા કરનાર મુખ્ય આરોપી ઝડપાયો

સુરત : શહેરના લિંભાયત વાટિકા ટાઉનશીપ શોપીંગ સેન્ટર ખાતે પોલીસના બાતમીદારની હત્યાના ગંભીર ગુનાની ઘટનામાં લિંબાયત પોલીસે સીસીટીવી ફૂટેજ અને ટેક્નિકલ એનાલિસિસના આધારે મુખ્ય સૂત્રધારને ઝડપી પાડ્યો છે.હુંભાલના આલોક ઝીંડારામ અગ્રવાલની ગત 1લીની મોડી રાત્રે હત્યા કરી અજાણ્યા આરોપીઓ નાસી છૂટ્યા હતા. આ કેસમાં પોલીસે બાતમીના આધારે અબરાર ઉર્ફે અબરાર લસ્સી ઉર્ફે માનસિક મોહમદ ઈબ્રાહિમ ઉર્ફે જુગનુ શેખ (ઉ.વ-૨૫ ધંધો. બેકાર રહે. ખ્વાજાનગર માનદરવાજા ને ઝડપી પાડ્યો હતો. તેણે પણ પોલીસને અગાઉના ઝઘડાને લઈ હત્યા કરી હોવાનું રટણ કર્યું હતુ. પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ માંગ્યા હતા. કોર્ટે પોલીસના રજૂ કરેલા નબળા મુદ્દાઓ ધ્યાને લઈ આરોપીના ફકત 1 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

ડભોલીમાં તાવમાં રત્નકલાકારની 2 મહિનાની બાળકીનું મોત

સુરતઃ ડભોલીમાં તાવમાં સપડાયેલી રત્નકલાકારની 2 મહિનાની બાળકીનું મોત નીપજ્યું હતું. મૂળ ભાવનગર ચોરવડીયાના વતની રાજુભાઈ ગોહિલ હાલમાં ડભોલી વિસ્તારમાં આવેલ સુમન પ્રતિકમાં પરિવાર સાથે રહે છે અને રત્નકલાકાર છે. તેમની બે મહિનાની પુત્રી પ્રાથ્વીને બે દિવસથી તાવ આવતો હતો. જેથી ઘર પાસે આવેલ ખાનગી દવાખાનામાં તેની સારવાર પણ ચાલી રહી હતી. ગુરુવારે રાત્રે તે ઘરમાં બેભાન થઈ ગઈ હતી. જેથી પરિવારજનો તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી.

બે દિવસ પહેલા જ રોજગારી માટે સુરત આવેલા યુવાનનું ટ્રેન અડફેટે મોત

સુરતઃ અશ્વિનીકુમાર પાસે રેલવે ટ્રેક ક્રોસ કરતી વખતે ટ્રેનની અડફેટે આવી જતાં બે દિવસથી પહેલા રોજગારી માટે આવેલા યુવકનું મોત નિપજ્યું હતું. મૂળ ઓરિસ્સાના વતની અંબીલ રમેશ પાંડે (33 વર્ષ) હાલ કતારગામ વિસ્તારમાં આવેલા ઉત્કલ નગરમાં રહેતો હતો. તે બે દિવસ પહેલા વતનથી રોજગારીની શોધમાં સુરત આવીને સંચાખાતામાં નોકરી પર લાગ્યો હતો. ગુરુવારે સાંજે તે અશ્વિનીકુમાર રોડ પર આવેલ રેલવે ટ્રેક ક્રોસ કરી રહ્યો હતો. તે સમયે તે ટ્રેનની અડફેટે આવી જતાં તેનું મોત નીપજ્યું હતું.

સણિયા કણદેના વૃદ્ધનો બીમારીથી કંટાળીને આપઘાત

સુરતઃ બીમારીથી કંટાળીને સણિયા કણદેના વૃદ્ધે ઝેર પીને આપઘાત કરી લીધો હતો. સણિયા કણદેના પાડા ફળિયામાં 59 વર્ષીય સુખાભાઈ ચીમનભાઈ રાઠોડ બે વર્ષ પહેલા પડી ગયા હતા. ત્યારે તેમને માથાના ભાગે ઇજા થતાં માનસિક બીમારીની અસર થવા લાગી હતી. તેમને સુગર સહિતની અનેક બીમારી પણ હતી. જેથી કંટાળીને બુધવારે સવારે તેમણે ઝેર ગટગટાવી લીધું હતું. તેમને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન ગુરુવારે સાંજે તેમનું મોત નિપજ્યું હતું.

અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ સામે ખોટા આક્ષેપો કરતા યુવાન વિરુદ્ધ ગુનો દાખલ કરવા માંગ

બિભત્સ આક્ષેપો, શિષ્ટ સંઘની છબીને દૂષિત કરવાના પ્રયત્નોની કડક નિંદા, રાજ્યભરમાં જિલ્લા કક્ષાએ આવેદનપત્રો અપાયાં

સુરતઃ ગુજરાત ઉર્જા વિભાગની તમામ સાત કંપનીઓમાં માન્યતા પ્રાપ્ત અને ૩૫,૦૦૦થી વધુ સભ્યો ધરાવતો "અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ (AGVKS)"સામે ખોટા અને પાયાવિહોણા આક્ષેપો કરનાર યુવરાજસિંહ જાડેજા નામના વ્યક્તિ સામે ત્વરિત ગુનો દાખલ કરી કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે રાજ્યભરના તમામ જિલ્લા કલેકટર તથા પોલીસ અધિક્ષકને સંઘ દ્વારા એકસાથે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ૩૦ વર્ષથી સમગ્ર ઊર્જા વિભાગના કર્મચારીઓ અને અધિકારીઓના હિત માટે લોભ-લાલચ વગર શિષ્ટતા અને શાંતિપૂર્વક કાર્યરત છે. ત્યારે કેટલીક તાકાતો આવા જ ન્યાયિક અને લોકહિતકારી સંગઠનની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડવા કાવતરૂપી પ્રયાસો કરી રહી છે. સંઘ દ્વારા જણાવાયું કેJETCO કંપનીમાં વર્ષ ૨૦૧૭થી ખાલી પડેલી "પ્લાન્ટ અટેન્ડન્ટ ગ્રેડ-૧ (PA-1)"ની જગ્યાઓ ભરવા તેમણે વારંવાર રજૂઆતો કરી હતી. મેનેજમેન્ટે સંઘની રજૂઆતને આધારે યોગ્ય પ્રક્રિયા સાથે જાહેરાત આપી. જો કે, સરકારશ્રીએ છેલ્લે આ ભરતી રદ કરવાનો નિર્ણય લીધો. આ દરમ્યાન ૬ ઓગસ્ટે યુવરાજસિંહ જાડેજાએ પત્રકાર પરિષદ કરી ભરતી પ્રક્રિયામાં તત્કાલીન ઈન્ચાર્જ જનરલ મેનેજર (HR) અને AGVKS વચ્ચે ભ્રષ્ટાચાર થયાનો આક્ષેપ કર્યો હતો. જે અંગે સંઘે જણાવ્યુ કે આ તમામ આક્ષેપો તદ્દન ખોટા, પાયાવિહોણા અને બદનિયતીથી પ્રેરિત છે. સંઘ દ્વારા રાજયભરના દરેક જિલ્લામાં કલેકટર અને પોલીસ અધિક્ષકને આવેદન આપી ખોટા આક્ષેપો કરનાર યુવરાજસિંહ સામે IPC કલમ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

પોલીસે 102 ડમ્પર જપ્ત કર્યા પછી પણ ડ્રાઇવરો હજી બેફામ

કતારગામમાં બેફામ ડમ્પરનું ટાયર મહિલાના માથા પર ફરી વળ્યું

માતા-પુત્રની બાઇકને આઉટર રિંગ રોડ પર અડફેટે લીધી, પુત્રને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડાયો

સુરત : શહેરમાં ડમ્પર ચાલકો નો આતંક યથાવત રહેવાની સમસ્યા ફરી એકવાર પ્રકાશમાં આવી છે. આઉટર રિંગ રોડ પર વરિયાવ નજીક બેફામ રીતે દોડતા ડમ્પરના ચાલકે માતા-પુત્ર ને અડફેટે લઈ ને કચડી નાખ્યાં હતાં. આ ઘટનામાં માતાનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું, જ્યારે પુત્રને ગંભીર ઈજાઓ થતા તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બે દિવસ પહેલા જ સુરત સિટી પોલીસે 102 ડમ્પર જપ્ત કર્યા હતા છતાં પણ ડમ્પર ચાલકો સુધરતા નથી. આવા ડમ્પર ચાલકો સામે હજી કડક કાર્યવાહીની માંગ શહેરભરમાંથી ઉઠી રહી છે.સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ કતારગામ સ્થિત સ્મૃતિ સોસાયટીના નંદપેલેસ એપાર્ટમેન્ટ માં રહેતાં 66 ગીતાબેન કિરીટભાઈ જૈયાવાલા ગુરુવારે સાંજે પુત્ર નિલેશ સાથે બાઈક પર કોઈ કામ અર્થે નીકળ્યા હતા. બંને આઉટર રિંગ રોડ ખાતેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે પાછળથી એક હાઈવા ડમ્પર પૂરપાટ ઝડપે આવ્યું હતું અને બાઇકને ટક્કર મારી મારતા માતા-પુત્ર રોડ ઉપર પટકાયા હતા. આ અકસ્માત એટલો ગંભીર હતો કે ગીતાબેન ડમ્પર ની નીચે આવી ગયા હતા તેનું પાછળનું ટાયર તેમના ચહેરા પરથી ફરી વળ્યું હતું . આના પગલે તેમનું ચહેરો ચુંદાઈ ગયો હતો અને તેમ નું ઘટના સ્થળે જ મોત નીપજ્યું. બીજી તરફ, નિલેશ ને માથા સહિત શરીરના અન્ય ભાગમાં ગંભીર ઈજાઓ થઈ હતી ,જેના કારણે તેમને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

ચાલક ડમ્પર મૂકીને ફરાર થઇ ગયો

આ ઘટના બાદ ડમ્પર નો ચાલક ઘટના સ્થળેથી ડમ્પર મૂકીને ફરાર થઈ ગયો હતો . આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા અને નિલેશ ને હોસ્પિટલ પહોંચાડવામાં મદદ કરી હતી . જહાંગીરપુરા પોલીસને ઘટનાની જાણ થતાં તેઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા .ગીતાબેન ના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પોલીસે હાઈવા ડમ્પર ના ચાલક વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

20 હજારની લાલચમાં ઉધનાના ગોડાઉનમાં રૂ. 14.65 લાખના સામાનને આગ ચાંપી

અન્ય કંપનીમાં કામ કરતાં ભેજાબાજે સોપારી આપી હતી, પાંચ આરોપીને પોલીસે ઝડપી પાડ્યા

સુરતઃ ઉધના-ભાઠેના વિસ્તારમાં "આર.બી.એન્ટરપ્રાઇઝ" કુરિયર એજન્સીમાં આગ લગાડીને 14,65,029 રૂપિયાના માલસામાનને નુકસાન પહોંચાડવાના કેસમાં ઉધના પોલીસે પાંચ આરોપીની ધરપકડ કરી છે. આ કેસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, આ આરોપીઓએ માત્ર 20,000 રૂપિયાના નજીવા આર્થિક ફાયદા માટે આ મોટું નુકસાન કર્યું હતું.21 જુલાઈ, 2025ની મધરાતે 02:30થી 03:30 વાગ્યાની વચ્ચે ઉધના ભાઠેનાના આર.બી.એન્ટરપ્રાઇઝના ગોડાઉનમાં આગ લાગી હતી. ગોડાઉનમાં વાલ્મો કંપનીમાંથી પરત આવેલા 3,173 પાર્સલ, જેની કિંમત 14,15,029 રૂપિયા હતી, તે રાખવામાં આવ્યા હતા. આ પાર્સલો ઉપરાંત, બે ડેલ લેપટોપ, એક Asus લેપટોપ અને એક કેનોન પ્રિન્ટર, જેની કુલ કિંમત 50,000 રૂપિયા હતી, તે પણ સળગાવી દેવામાં આવ્યા હતા. આમ, આરોપીઓએ કુલ 14,65,029 રૂપિયાના માલસામાનને આગ લગાડીને નુકસાન પહોંચાડ્યું હતું.

પોલીસે આરોપી નીતિન અજયસિંહ રાજપૂત, રજનીશ ઉર્ફે લંબુ રાજુભાઈ રાજભર, તારાચંદ ઉર્ફે બચ્ચી ચંદ્રભવન યાદવ, દિનેશ દ્વારકાપ્રસાદ યાદવ અને સત્યમ ઉર્ફે કાલુ રાકેશભાઈ ગૌતમની ધરપકડ કરી છે. પૂછપરછ દરમિયાન આરોપી નીતિને જણાવ્યું કે, જય ગોગા લોજિસ્ટિક્સમાં કામ કરતા એક કર્મચારી મંગેશે તેમને આ ગુનો કરવા માટે ઉશ્કેર્યા હતા.

મંગેશે દરેક આરોપીને 20,000 રૂપિયા આપવાનું વચન આપ્યું હતું અને એવું પણ કહ્યું હતું કે, આ કામ પૂર્ણ થયા પછી તે તેમને એક નવી કુરિયર કંપનીનું ગોડાઉન ઊભું કરી આપશે. આ લાલચમાં ફસાઈને આરોપીઓએ આ ગંભીર ગુનો આચર્યો હતો.

ડભોલીના સુમન પ્રતીક આવાસના પ્રમુખ ઈન્દ્રસિંહ પાટીલે મેઈન્ટેનન્સના 16 લાખ વાપરી નાંખ્યા

168 ફ્લેટ ધારકોએ આજીવન મેઇન્ટેનન્સ પેટે માથા દીઠ રૂપિયા 30 હજાર જમા કરાવ્યા હતા

સુરતઃ ડભોલી સ્થિત સુમન પ્રતિક આવાસ સોસાયટીના પ્રમુખ ઈન્દ્રસિંહ પાટીલે ફ્લેટ ધારકોના મેન્ટેનન્સ ફંડમાંથી રૂ. 16 લાખની ઉચાપત કરતા મામલો પોલીસમાં પહોંચ્યો હતો. રિક્ષા ચાલક પ્રશાંતભાઈ રામદાસભાઈ સોલંકીએ સિંગણપોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે તેમની ફરિયાદમાં જણાવ્યું છે કે, તેમની સુમન પ્રતિક આવાસ સોસાયટી નંબર SUR/SA/(HA)-12788 થી રજિસ્ટર્ડ છે, તે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજિત છે. આ સોસાયટીની A બિલ્ડિંગમાં કુલ 168 ફ્લેટ આવેલા છે. ફ્લેટ ધારકો દ્વારા 2018-19માં આજીવન મેન્ટેનન્સ ફંડ તરીકે દરેકે રૂ. 30,000ની રકમ SMCમાં જમા કરાવી હતી, જેનો કુલ આંક રૂ. 50.40 લાખ થયો હતો. આ રકમમાંથી SMCએ રૂ. 25.05 લાખ ચેક દ્વારા ફ્લેટ ધારકોને પરત કરી હતી, જ્યારે બાકીની રૂ. 25.35 લાખની રકમ સોસાયટીના એકાઉન્ટમાં જમા રહી હતી. આ રકમમાંથી રૂ. 20 લાખની ફિક્સ્ડ ડિપોઝિટ (FD) 28 જૂન, 2020ના રોજ SBI બેંકના સિંગણપોર કોઝવે શાખાના કરન્ટ એકાઉન્ટમાં કરવામાં આવી હતી, જેની મુદત 26 ઓગસ્ટ, 2025ના રોજ પૂર્ણ થવાની છે. ફ્લેટ હોલ્ડરોએ 2025ના જાન્યુઆરીમાં બિલ્ડિંગ પર સોલાર સિસ્ટમ ફિટ કરવા માટે FD પર ઓવરડ્રાફ્ટ (OD) લેવાનો પ્રયાસ કરતાં બેંક દ્વારા જાણવા મળ્યું કે, ખાતામાં પૂરતું બેલેન્સ નથી. જે મામલે તપાસ કરતા માલમ પડ્યું હતું કે, 11 મે, 2021ના રોજ ઈન્દ્રસિંહ પાટીલે ચેક દ્વારા રૂ. 16 લાખની રકમ તેમના વ્યક્તિગત એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લીધી હતી.આ રકમ બનાવટી FD બનાવીને ટ્રાન્સફર કરવામાં આવી છે.આ મામલે ફ્લેટ ધારકોએ ઈન્દ્રસિંહ પાટીલ સાથે વાતચીત કરતા તેમણે પાણીનું બિલ ભરવા અને સોલાર સિસ્ટમનું કામ કરાવવાનું ઝાંસો આપ્યો હતો.આમ ઈન્દ્ર સિંહ પાટીલ આવનાર વાયદાઓ કરી સમય પસાર કરતા સોસાયટીના સભ્યોએ SMC ના અધિકારીઓને ફરિયાદ કરી હતી.જે બાદ તમામે પોલીસનું શરણું લેતા સિંગણપોર પોલીસે ઈન્દ્રસિંહ પાટીલ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ખટોદરામાં પ્રેમીએ પ્રેમિકાને આપઘાતની ધમકી આપી રૂપિયા પડાવ્યા

સુરતઃ ડિંડોલી મહાદેવ નગરમાં રહેતો 37 વર્ષીય હરીશ ઉર્ફે રાહુલ જીતેન્દ્રભાઈ સપકાલે કાપડ દલાલીનું કામ કરે છે. હરીશ એક વર્ષ પહેલા ખટોદરામાં રહેતી 45 વર્ષીય પરિણીતાના સંપર્કમાં આવ્યો હતો. સોશિયલ મીડિયા મારફતે બંને વચ્ચે વાતચીત દરમિયાન મિત્રતા થઈ હતી. હરીશે પરિણીતાના ફોટો લીધા હતા, બાદમાં તે પરિણીતાને ફોટો વાયરલ કરી બદનામ કરવાની ધમકી આપી પૈસાની માંગણી કરતો હતો.

પરિણીતાએ હરીશને પૈસા નહીં આપતા તેણે આત્મહત્યા કરી બદનામ કરવાનું કહી 10 હજાર રોકડ અને એક મોબાઈલ પડાવી લીધા હતા. ત્યારબાદ પણ હરીશે પરિણીતા પાસે સતત પૈસાની માંગણી કરતા આખરે કાંટાળીને પરિણીતાએ પોલીસનું શરણું લીધું હતું. પોલીસે આ મામલે હરીશ વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.

મીઠાઈઓની દુકાનો પર ભારે ભીડ થતાં ટોકન વહેંચવા પડ્યા

નેચરલ મીઠાઈઓમાં ખાસ કરીને બ્લુ બેરી ફ્લાવર, ગ્રીન એપલની માંગ સૌથી વધુ રહી

સુરત : રક્ષાબંધનના પાવન પર્વે મીઠાઈના વેપારીઓ માટે આ વર્ષે પણ ધંધાનો પર્વ સાબિત થયો હતો. સવારથી જ શહેરની જાણીતી મીઠાઈની

દુકાનો પર ગ્રાહકોએ મીઠાઈ લેવાની ઉત્સુકતા સાથે લાંબી લાઈનોમાં ઊભા રહીને મીઠાઈ ખરીદી હતી. ભીડને ધ્યાનમાં રાખીને કેટલીક લોકપ્રિય દુકાનોમાં ટોકન સિસ્ટમ અમલમાં મુકાઈ હતી. ગ્રાહકોને ટોકન આપી તેમના ક્રમ અનુસાર મીઠાઈ આપી હતી. છતાં ભીડ એટલી વધુ હતી કે અનેક લોકોને 1થી ૨ કલાક સુધી લાઈનમાં ઊભા રહેવું પડ્યું હતું. માર્કેટમાં મળતી માહિતી મુજબ પરંપરાગત મીઠાઈઓની તુલનાએ નેચરલ મીઠાઈઓની માંગમાં આ વર્ષે ખાસ ઉછાળો જોવા મળ્યો છે. આ મીઠાઈઓ ફળોના નેચરલ પલ્પમાંથી તૈયાર કરવામાં આવે છે અને એમાં એડેડ સુગર, કલર કે કેમિકલ્સ ન હોવાને કારણે સ્વાસ્થ્યપ્રેમી ગ્રાહકો દ્વારા વધુ પસંદ કરવામાં આવી રહી છે. નેચરલ મીઠાઈઓમાં ખાસ કરીને બ્લુ બેરી ફ્લાવર, ગ્રીન એપલ, બેરી ડિલાઇટ, ફ્રેશ પાઈન, વેનીલા રસીન, ઓરેન્જ કોફી, લેમન ટચ અને સિલ્વર ટચ જેવી ફ્લેવર્સમાં વધુ માંગ રહી છે.

એક મીઠાઈ વેપારીના જણાવ્યા અનુસાર આ વર્ષે નેચરલ મીઠાઈઓની ડિમાન્ડ ખૂબ વધી છે. લોકો હવે માત્ર સ્વાદ નહીં પણ આરોગ્યને પણ ધ્યાનમાં રાખી મીઠાઈ પસંદ કરે છે. ભાવની વાત કરીએ તો નેચરલ મીઠાઈઓ 1400 રૂપિયા પ્રતિ કિલોના દરે વેચાય છે. જ્યારે સામાન્ય મીઠાઈઓનો ભાવ 1200 રૂપિયા પ્રતિ કિલો છે.' ડ્રાયફ્રૂટના ભાવમાં થયેલા વધારાની સીધો અસર મીઠાઈના ભાવો પર પણ પડી છે. ખાસ કરીને કાજુના ભાવમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે.

હાલના બજાર ભાવ પ્રમાણે કાજુ ફેન્સી 1400 રૂપિયા પ્રતિ કિલો, કાજુ મિક્સ 1200 રૂપિયા, કાજુકતરી 920 રૂપિયા અને માવા મિક્સ 600 રૂપિયા પ્રતિ કિલો સુધી વેચાઈ રહી છે.